અપીલ અરજી નં.૯૫ તા.૨૭–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈન
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈનની તા.૮–૩–૧૧ ની અરજીથી (૧) ઉપરોકત પ્લાનમાં કેટલી દુકાન પાસ છે? તથા કેટલા માળ છે? (૨) પાર્કિંગની જગ્યા તથા પેશાબખાના કેટલા છે?(૩) મંજુર પ્લાન મુજબ બાંધકામ છે કે નથી? વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૯૫/૨૦૧૧–૧૨

શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈનની તા.૮–૩–૧૧ ની અરજીથી (૧) ઉપરોકત પ્લાનમાં કેટલી દુકાન પાસ છે? તથા કેટલા માળ છે? (૨) પાર્કિંગની જગ્યા તથા પેશાબખાના કેટલા છે?(૩) મંજુર પ્લાન મુજબ બાંધકામ છે કે નથી? વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે પત્ર નં.ટી.ડી.ઓ./૨૫ તા.૨૦–૪–૧૧ થી આપેલ માહિતિ ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૧ તા.૪–૬–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ માંગેલ માહિતિ, ફી ની વિગત, સાથે મળેલ માહિતિની મુદ્દાવાર વિગતો જણાવેલ નથી. તે વિગતો બચાવના આધારસહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪ તા.૨૨–૬–૧૧ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૮ તા.૩૧–૩–૧૧ થી કલમ–૬(૩) હેઠળની સમય અવધિ બાદ વિલંબથી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪ તા.૨૦–૪–૧૧ થી મુદ્દા નં.૫ માટે ઉધનાઝોનને વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.ટીડીઓ/૨૫ તા.૨૦–૪–૧૧ થી નિયત સમય અવધિ બાદ આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૬–૧૧ નો પત્ર, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૦૦ તા.૧૭–૫–૧૧ થી અરજદારને મુદ્દા નં.૫ ની નિયત સમય અવધિ બાદ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારે ઉધનાઝોનને તા.૩૦–૫–૧૧ ના રોજ લખેલ પત્રની નકલ, અરજદારનો તા.૨૭–૪–૧૧ નો પત્ર, પત્ર નં.ટીડીઓ/૨૫ તા.૨૦–૪–૧૧ ના પત્રની નકલ, શહેર વિકાસ વિભાગે ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ઉધનાઝોને શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની રસીદ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૩–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૮ તા.૩૧–૩–૧૧ થી વિલંબથી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ છે. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪ તા.૨૦–૪–૧૧ થી મુદ્દા નં.૫ માટે ઉધનાઝોનને તબદીલ કરેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩ નો જવાબ ખોટો આપેલ છે તથા મુદ્દા નં.૪ માં ટેરેસ પર ૨૪૦ ચો.મી. નું બાંધકામ પ્લાન વિરુધ્ધ છે તથા મુદ્દા નં.૬ માં ૩ દુકાન બતાવેલ છે પરંતુ હાલમાં ત્યાં ૫ દુકાન છે તથા આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી તા.૨૭–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૫ તા.૨૦–૪–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના (૧) પ્લાનમાં કેટલી દુકાનો છે? તથા કેટલા માળ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ઉધના શોપીંગ સેન્ટરવાળી ટીપી સ્કીમ નં.૧ (ઉધના) ફા.પ્લોટ નં.૧૨૨ પૈકીમાં આવેલ મિલ્કતમાં લો રાઈઝ કોમર્શીયલ બિલ્ડીંગના પ્લાનની મંજુરી ટીડીઓ નં.૬૨ તા.૨૪–૧૦–૨૦૦૧ થી આપવામાં આવેલ છે. જેમાં લોઅર, ગ્રાઉન્ડ, + હાયર ગ્રાઉન્ડ + એક માળ મંજુર કરવામાં આવેલ છે જેમાં કુલ ૭૫ દુકાનોની મંજુરી આપવામાં આવેલ છે. (૨)પાર્કિંગની જગ્યા તથા પેશાબખાના કેટલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ ૬૫૫.૩૧ ચો.મી. પાર્કીગ તથા ૬ (છ) પેશાબખાના છે. તેવું જણાવેલ છે. (૩) મંજુર પ્લાન મુજબ બાંધકામ છે કે નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી "છે " તેવું જણાવેલ છે. (૪) આજ સુધી કેટલું બાંધકામ મંજુર પ્લાન વગરનું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પ્રશ્ન વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ ટેરેસ પર પતરાના સેડનું આશરે ૨૪૦ ચો.મી. નું બાંધકામ છે. તેવું જણાવેલ છે. (૫) પ્ર ચાર સામગ્રી રાખવાના બોર્ડનું આજ સુધીમાં કેટલું ભાડુ લેવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જે તે દુકાન પર પ્રચાર સામગ્રી રાખવાના બોર્ડનું કોઈ ભાડુ લેવામાં આવતું નથી. તેવું જણાવેલ છે. (૬) પાર્કીગમાં કેટલી દુકાન બની છે? જે મંજુર

પ્લાનમાં છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ઉકત મિલ્કતમાં બેઈઝમેન્ટમાં આવેલ પાર્કીગમાં ત્રણ દુકાનો થયેલ છે જે મંજુર પ્લાનમાં નથી. તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે ખરી માહિતી આજ સુધી મળી નથી. ગેરકાયદેસર બાંધકામ પણ બનેલ છે જે તાકીદે તોડવા વિનંતી છે. છેલ્લા પાંચ વર્ષથી શોપીંગના ટેરેસ પર લગાવેલ બોર્ડ તથા દિવાલ ચિત્રનું ભાડુ વસુલ કરેલ નથી. એવું જણાવેલ છે.

બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પ્રત્યુત્તર પ્લાન મુજબ બાંધકામ છે તે બાબતે મુદ્દા નં.૪ માં પ્લાન વિરુધ્ધ ટેરેસ ઉપર બાંધકામ હોય. મુદ્દા નં.૩ નો જવાબ ખોટો હોવાની રજૂઆત કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ સ્વયં મુદ્દા નં.૪ ની માહિતીમાં પ્લાન વિરુધ્ધના બાંધકામની વિગત આપેલ છે. જેથી તકરારને સ્થાન નથી. અન્ય મુદ્દામાં અરજદારે પાર્કીગમાં જાહેર માહિતી અધિકારીના પ્લાન વિરુધ્ધની બેઝમેન્ટમાં ત્રણ દુકાનોના પ્રત્યુત્તર સામે વાસ્તવમાં પાંચ દુકાન જણાવેલ છે તથા અપીલ તેમજ પૂરક પત્રથી અરજદારે ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની રજૂઆત કરેલ છે.

આરટીઆઈ એકટની કલમ –૨(જે) અને ૨(એફ) હેઠળ જાહેર માહિતી અધિકારી પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગત પૂરી પડાયેલ જણાય છે. જયારે અરજદારની ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગેની રજૂઆત માહિતી માંગણીને લગતી નહીં પરંતુ તકરાર નિવારણને લગતી છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં મુદ્દા નં.૬ ના અરજદાર પક્ષે તકરારી મુદ્દા અંગે અરજદાર ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસનો દિન–૭ માં આગોતરો સમય મેળવી મુદ્દા નં.૬ પુરતું લાગત દફતરની તપાસણી દિન–૭ માં કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે. તકરાર નિવારણના મુદ્દા અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી શ્યામપ્રસાદ વિજયરાજ જૈન,